Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# આઝાદીની ચળવળ અને ગાંધીજી

**સેનમા રવિ. એ.**
(એમએ.,.એમ.ફીલ.)

**ડૉ. કે.જી. પટેલ**
(સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, જાદર પ્રિન્સિપાલ)

**Abstract :**
પરમ પૂજ્ય શ્રી મહાત્મા ગાંધીજીનું નામ સાંભળતાની સાથે જ આપણને મહાન વ્યક્તિના દર્શન થાય છે. જેમણે ભારતની આઝાદીમાં અહિંસાના માર્ગે ચાલીને વિશ્વમાં અત્યંત મહત્વની ઓળખ ઊભી કરેલ આપણને જોવા મળે છે. ભારતના ઇતિહાસમાં આપેલા બલિદાનને આપણે સૌ ભારતીય લોકો ક્યારે ભૂલી શકીએ તેમ નથી. હું આજે રોજ ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને સરકારી અને વાણિજ્ય કોલેજ, જાદરના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય રાજ્યકક્ષાનો પરિસંવાદ "ગાંધી કથા" ના વિષય ઉપક્રમે "આઝાદીની ચળવળ અને ગાંધીજી".

**Keyword :** ભારત, ગાંધીજી, અહિંસક, ચળવળ, આઝાદી

**Introduction :**

મહાત્મા ગાંધીજીએ ભાગ ભજવેલ મહત્વના સંગ્રામો વિશે ટૂંકમાં ઐતિહાસિક બાબતોને તારવવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. મહાત્મા ગાંધીને બ્રિટિશ શાસનના વિરોધે ભારતીય રાષ્ટ્રીય આંદોલનના નેતા અને રાષ્ટ્રપિતા ગણાવ્યા છે. એમનું પૂરું નામ મોહનદાસ કરમચંદ ગાંધી હતું. તેમનો જન્મ 2 ઓક્ટોબર 1869 ના રોજ ગુજરાત રાજ્યના પોરબંદરમાં થયો હતો. તેમના પિતાનું નામ કરમચંદ ગાંધી તથા માતાનું નામ પુતળીબાઇ હતું.કરમચંદ ગાંધીની ચોથી પત્નીના સંતાન હતા.

**ચંપારણ સત્યાગ્રહ (ઈ.સ.૧૯૧૭) –**

1917 એ મહાત્મા ગાંધીથી પ્રેરીત પહેલું સત્યાગ્રહ આંદોલન અને ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામનો એક મોટો વિદ્રોહ હતો.આ એક ખેડૂત વિદ્રોહ હતો જે બિહારના ચંપારણ જિલ્લામાં થયો હતો. ખેડૂતો ગાળીનો પાક લેવા માટે મજબૂર કરતા તેમણે બ્રિટિશ ઉપનિવેશવાદ વિરુદ્ધ આ બળવો કર્યો હતો. ચંપારણ સત્યાગ્રહ પ્રથમ સફળ અને લોકપ્રિય સત્યાગ્રહ હતો. જેણે ભારતના યુવાનો અને ભારતીય સ્વતંત્રતા ચળવળને યોગ્ય દિશા આપી.

**ખેડા સત્યાગ્રહ (ઈ.સ.૧૯૧૮) -**

વલ્લભભાઇ પટેલ અને મહાત્મા ગાંધીને નજીક લાવનારું એ ખેડૂત આંદોલન એટલે ખેડા સત્યાગ્રહ. ભારતની આઝાદીની ચળવળમાં પ્રાણ ફૂંકવામાં ત્રણ આંદોલનોની મહત્વની ભૂમિકા છે.ચંપારણ સત્યાગ્રહ,અમદાવાદ મિલ હડતાલ અને ખેડા સત્યાગ્રહ. આમ ખેડા સત્યાગ્રહે એક તરફ અંગ્રેજ શાસન સામેના આક્રોશમાં લોકોને સંગઠિત કર્યા. તો બીજી તરફ તેમાંથી ગાંધીજી અને સરદાર પટેલની જુગલજોડીની શરૂઆત થઇ. પટેલ તેમની ધીખતી બેરિસ્ટર છોડી જ ગાંધીજી અને ખેડા આંદોલન સાથે જોડાયા.

**ખિલાફત આંદોલન-**

ખલીફાનું સ્થાન અને ઇસ્લામના પવિત્ર સ્થળો સાચવવા ભારતના મુસ્લિમોને કરેલું આંદોલન હતું. ભારતના મુસ્લિમોએ ઇંગ્લેન્ડને તેની તુર્કી અંગેની નીતિ બદલવા માટે મક્કમ નિર્ધાર સાથે ખીલાફત આંદોલન ઉપાડ્યું. આ સમયે ગાંધીજી પંજાબની સમસ્યાઓમાં ગુંથાયેલા હતા. તેમણે ખીલાફતના પ્રશ્ન સંદર્ભે હિન્દના મુસ્લિમોને રાજકીય અને નૈતિક ટેકો આપ્યો. ખિલાફત આંદોલન માટે અહિંસાની ભૂમિકા પર લડવાની રીત તેમણે મુસ્લિમ અગ્રેસરોને સમજાવી. એ રીતે ગાંધીજીના ખીલાફતના સરક્ષણ વિશે મુસલમાનોના માર્ગદર્શક અને મિત્ર બન્યાં. 16 મી ઓક્ટોબરનો દિવસ "ખિલાફત દિન" તરીકે સમગ્ર દેશમાં ઉજવાયો. નવેમ્બર 1919 માં ગાંધીજીને

ખીલાફત પરિષદના પ્રમુખ તરીકે ચુંટવામાં આવ્યા. ગાંધીજીએ પત્રિકા બહાર પાડી અને તેમાં જણાવ્યું કે "આજનો દિવસ હિન્દુ-મુસ્લિમ એકતા માટે પવિત્ર ચિન્હરૂપ ગણાશે."

**અસહકાર આંદોલન-**

ગાંધીજીને ખ્યાલ આવી ગયો હતો કે બ્રિટિશે ભારતીયો તરફથી મળેલા સહકારને કારણે જ ભારતમાં રહી શક્યા છે. તેને ધ્યાનમાં રાખીને તેમણે અસહકાર આંદોલન કરવાની હાકલ કરી. કોંગ્રેસના સમર્થનથી લોકોને ખાતરી આપી કે શાંતિપૂર્ણ અસહકાર સ્વતંત્રતાની ચાવી છે. જલિયાવાલા બાગ હત્યાકાંડના અશુભ દિવસથી અસહકાર આંદોલન શરૂ થયું. ગાંધીજીએ સ્વરાજ અથવા સ્વ-શાસનનું લક્ષ્ય નક્કી કર્યું હતું. ત્યારથી ભારતીય સ્વતંત્રતા ચળવળનું સૂત્ર બન્યું. અસહકાર ચળવળએ ઈ.સ. 1920 થી 1922 સુધી ચાલેલી લાંબી ચળવવા માની એક હતી. આ ચળવળને ભારતીય મહાસભાના સમર્થન સાથે અહિંસાના માર્ગે ભારતમાં અંગ્રેજોનો વિરોધ કરવાનો હતો. આ ચળવળ દ્વારા બ્રિટિશ માલનો બહિષ્કાર, સ્વદેશી અને સ્થાનિક ચીજવસ્તુઓ અપનાવવી વગેરે કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા.

આ ચળવળમાં મહમદઅલી જીના, એની બેસન્ટ, લોકમાન્ય તિલક જેવા નેતાઓએ હોમરૂલ આંદોલનની શરૂઆત કરી. જેની બ્રિટિશ સરકારે કોઇ નોંધ લીધી નહીં. ગાંધીજીની અહિંસા નીતિના પરિણામે ઈ.સ. 1930 અને 1934 વચ્ચે ભારતના વિવિધ ગામોમાં સંપૂર્ણ સ્વરાજનું આંદોલન શરૂ થયા અને મીઠાનો સત્યાગ્રહ કરવામાં આવ્યો. આ આંદોલનને પરિણામે ભારતને વિશ્વમાં એક આગવી ઓળખ ઊભી કરી. ભારતીયોની માંગણી સ્વીકાર કરવામાં આવી.

**મીઠા સત્યાગ્રહ (ઈ.સ.૧૯૩૦) -**

અંગ્રેજ સરકારે મીઠા પર લગાડેલા કરના વિરોધમાં ગાંધીજીએ દાંડી યાત્રા અને મીઠાનો સત્યાગ્રહ કર્યો. આ સત્યાગ્રહ સવિનય કાનૂનભંગનો ભાગ હતો. દાંડી યાત્રાને અનુલક્ષીને દેશમાં ઠેર ઠેર સવિનય કાનૂનભંગની ચળવળ શરૂ થઈ. મીઠું બનાવીને કે ગેરકાયદેસર રીતે વેચાતું મીઠું ખરીદીને કરોડો લોકોએ સવિનય કાનૂનભંગની શરૂઆત કરી

ગાંધીજી દ્વારા જાતે બનાવાયેલા મીઠાની ચપટી 1600 રૂપિયામાં તે જમાનામાં વેચાઇ હતી. તેના પ્રતિઘાતરૂપે અંગ્રેજ સરકારે તે મહિનાના અંત સુધી 60000 લોકોની અટકાયત કરી હતી. 1930 ના સવિનય કાનૂનભંગની ચળવળ દરમિયાન સ્ત્રીઓએ સર્વપ્રથમ વખત મોટા પ્રમાણમાં ભાગ લીધો હતો. ગાંધીજીએ કહ્યું હતું કે માત્ર પુરુષો જ દાંડીયાત્રામાં ભાગ લઇ શકશે, પરંતુ અંતમાં મહિલાઓએ પણ મીઠું બનાવીને વેચવાનું શરૂ કર્યું.

**ભારત છોડો આંદોલન (ઈ.સ.૧૯૪૨) -**

બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન ગાંધીજીએ બ્રિટિશ સામ્રાજ્યને એક નિશ્ચિત ફટકો મારવાનું નક્કી કર્યું હતું. જ્યારે બ્રિટિશરોએ યુદ્ધ માટે ભારતીયોની ભરતી શરૂ કરી ત્યારે આ બન્યું. ગાંધીજીએ સખત વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે ભારત જ્યારે સ્વતંત્ર દેશ નથી ત્યારે લોકશાહી હેતુઓની તરફેણમાં હોય તેવા યુદ્ધમાં ભારતીય ભાગ લઇ શકશે નહીં. આ દલીલથી વસાહતોથી બે શહેરોની ક્ષતિ થઇ અને અડધા દાયકાની અંદર તેઓ આ દેશની બહાર ગયા.

આઠમી ઓગસ્ટ 1942 ના દિવસે ગાંધીજી દ્વારા કરાયેલ આહવાન પર ભારત છોડો આંદોલનની શરૂઆત થઇ અને આંદોલનને ભારત દેશને આઝાદ કરવા માટે અંગ્રેજ શાસન વિરુદ્ધનું આંદોલન હતું. ક્રિપ્સ મિશનની સફળતા મળ્યા બાદ ગાંધીજીએ બ્રિટિશ શાસનની વિરુદ્ધમાં ત્રીજુ મોટું આંદોલન છેડવાનો ફેસલો કર્યો હતો. ઓગસ્ટ 1942માં શરૂ થયેલા આંદોલન "અંગ્રેજો ભારત છોડો" એવું નામ આપવામાં આવ્યું હતું. ત્યાર પછી ગાંધીજીને તત્કાળ ધરપકડ કરી લેવામાં આવ્યા અને પછી આ સમાચાર સાંભળતા લોકોએ તોડફોડ શરૂ કરીને આ આંદોલનને આગળ ચાલુ જ રાખ્યું. તેમાં જયપ્રકાશ નારાયણ તથા પશ્ચિમ ભાગમાં

સતારા અને પૂર્વ ભાગમાં મેદનીપુર જેવા કેટલાક જિલ્લાઓમાં સ્વતંત્ર સરકાર, પ્રતિ સરકારની સ્થાપના કરી દેવામાં આવી. અંગ્રેજોએ આ આંદોલનના પ્રતિરોધમાં અત્યંત સખત રવૈયો અપનાવ્યો હતો. આમ છતાં આ વિદ્રોહને ડામવા માટે સરકારને એક વર્ષથી પણ વધારે સમય લાગ્યો હતો.

**Materials and Methods:**

આ પેપરમાં મેં ઇતિહાસ વિષયને લગતી પદ્ધતિઓ નો ઉપયોગ કરેલો છે એમાં મેં શરૂઆતથી એમ.એન.,કોલેજ, વિસનગરની લાઇબ્રેરીની મુલાકાત લીધી. એમાંથી ગાંધીજીના જીવન પર લખાયેલ પુસ્તકો તથા તેમના વિચારો, ગાંધીજીના આંદોલનો વિશે ખૂબ જ સારી માહિતી પ્રાપ્ત થઇ. ગાંધીજીના ભારત પરત આવવાના ઈ.સ. 1915 થી 1947 સુધીના તમામ ગાંધીજી પર લખાયેલ પુસ્તકોમાંથી પણ સારા પ્રમાણમાં માહિતી પ્રાપ્ત થઇ. અપ્રગટ દસ્તાવેજો, ગ્રંથો, દફતર ભંડારની મુલાકાત પણ લીધી.

પ્રથમ કક્ષાના સાધનો જેવા કે મૂળ હસ્તપ્રતો, તત્કાલીન સાહિત્ય વગેરે દ્વારા માહિતી એકત્રિત કરવામાં ઉપયોગી થયું છે. સમકાલીન ગાંધીજીના જીવન પર આધારિત લખાયેલા ઇતિહાસકારો તથા તેમના નજીકના વ્યક્તિઓ દ્વારા લખાયેલા પુસ્તકનો પણ ઉપયોગ લીધો છે.

**Result :**

આ અધ્યયનના અંતે પરિણામો ઘણા બધા મળેલા છે. તેમાં જોઈએ તો ગાંધીજીના આંદોલનો તથા તેમના વિચારોનો અભ્યાસ કરતા મારા જીવનમાં એક દેશ પ્રત્યેની ભાવના તથા રાષ્ટ્રવાદ તરફ આકર્ષાણ વધ્યો છે. આ પેપર દ્વારા આવનારી પેઢીને પણ દેશ પ્રત્યે તથા દેશના માટે આંદોલન કરવાની અને અહિંસાનો માર્ગ અપનાવીને રાષ્ટ્રહિત માટે કંઈક નવું કરવાની ઈચ્છા વધશે એવું મને લાગે છે. જીવનમાં કંઈક નવું કરવું હોય તો આ ગાંધીજીના જીવન તથા તેમના આંદોલનનો તથા તેમના વિચારો દ્વારા ઘણું બધું શીખવા મળે છે. જે ભારત દેશના તમામ લોકો માટે1. ઘણી સારી બાબત છે.

**Discussion :**

“આઝાદીની ચળવળ અને ગાંધીજી” ના આ અભ્યાસમાં મે ગાંધીજીના ખુદના લખેલા પુસ્તકો તથા તેમના સમકાલીન લેખકો, તેમના ખાસ નજીકના વ્યક્તિઓ દ્વારા લખાયેલા પુસ્તકોના આધારે મેં આ પેપરમાં મારા વિચારો વ્યક્ત કર્યા છે, તથા જો ગાંધીજીના આવા દેશ માટેના આંદોલન કાર્યો પર જો અભ્યાસ કરવામાં આવે તો ભારતના આવા તમામ મહાત્માઓ, દેશપ્રેમીઓ તથા ભારતની સામાન્ય જનતા પણ ગાંધીજી જેવા કાર્યો કરવા, ગાંધીજી જેવા વિચારો તરફ આકર્ષણ વધશે અને દેશમાં મહાત્મા ગાંધીજી એવા ઘણા બધા લોકો બહાર પ્રગટ થશે તો મારા આ પેપર દ્વારા આવનારી પેઢીને નવા આંદોલન, સત્યાગ્રહો તથા નવું જાણવાની વધારે ઇચ્છા થશે. દેશમાં નવા નેતાઓ પ્રગટ થશે.

**Conclusion:**

મહાત્મા ગાંધી વિશ્વના મહાન ક્રાંતિકારીઓમાંના એક છે. ફક્ત તેમની ક્રાંતિ લોહી વિનાની અને શાંતિપૂર્ણ હતી. તેમણે ન્યાયનું પાલન કરીને અન્યાય સામે લડત, હિંસા સામે તેમણે અહિંસક રીતે લડત આપી. તેમણે બધાને જોડે લઈને ભેદભાવનો વિરોધ કર્યો.

તેઓ દ્રઢતાપૂર્વક માનતા હતા કે, એક આંખ પણ એવી હોય હોવી જોઈએ કે જે આખા વિશ્વના અંધકારને દૂર કરી શકે. સત્ય અને અહિંસાના સિદ્ધાંતો સાથે રહેવાની તેમની નિષ્ઠા એ વિશ્વના ઘણા મહાન નેતાઓ જેમ કે માર્ટિન લ્યુથર કિંગ, જુનિયર અને નેન્સન મંડેલા જેવા બીજા ઘણા લોકોને એમના વ્યક્તિત્વનો પ્રભાવ પોતાના જીવનમાં પ્રેરણાના બિંદુ સ્વરૂપ ગણાવ્યા હતા.

તેઓ વારંવાર કહેતા હતા કે, “અહિંસા એ માનવીયતાના મૂલ્યોની સૌથી મોટું શક્તિશાળી હથિયાર છે. જે માનવ દ્વારા નિર્મિત વિનાશકારી શસ્ત્રો કરતા પણ વધુ શક્તિશાળી છે”

**Reference books :**

ગાંધી , મોહનદાસ કરમચંદ , “ સત્યના પ્રયોગો અથવા આત્મકથા " , પ્રકાશક : નવજીવન

પ્રકાશન મંદિર , અમદાવાદ , નવમી આવૃતિ , ઓગષ્ટ – ૧૯૫૨ .

2. "ગાંધીજી : એક રાષ્ટ્રીય સેવક " પ્રકાશક : મહેબૂબ દેસાઈ , ૨૦૧૨ ભાવનગ ) યુનિવર્સીટી કોધિનો r in બુ

3. પારેખ , ભીખુ , અનુવાદ પંડ્યા , હસમુખ " ગાંધીજી સંક્ષિપ્ત પરિચય પ્રકાશકો ? ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય , પ્રથમ આવૃત્તિ – ૨૦૧૨ . .

4. ખંભોળજા , હરિહર , " ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ અને તવારીખ " ( કોંગ્રેસ - ઐતિહાસિક ભૂમિકા - વિચારધારા ) , પ્રકાશ , ખંભોળજા હરિહર , ૨૦૦૬ , -

5. નેહરુ , જવાહરલાલ , અનુવાદ અને સંક્ષેપ : દેસાઇ , મણિભાઇ ભ , " જગતના ઇતિહાસનું સંક્ષિપ્ત રેખાદર્શન " પ્રકાશક : નવજીવન ટ્રસ્ટ , પાંચમી આવૃત્તિ ૨૦૧૪ .

6. ભટ્ટ , મીરા , " ગાંધીયુગની આકાશ ગંગા " પ્રકાશક : ભારત સાહિત્ય મંદિર , ૨૦૧૨

7. બિરલા , શ્રીધનશ્યામદાસ , અનુવાદક : દાંડીકર મોહન , " બાપુ " નવભારત સાહિત્ય મંદિર , ૨૦૧૨

8. ગાંધી , મોહનદાસ કરમચંદ , સંકલન અને સંક્ષેપ : મહેન્દ્ર મેઘાણી , " ગાંધીજીની જીવનયાત્રા એમના જ શબ્દોમાં " મહાત્મા ગાંધીનાં બે પુસ્તકો સત્યના પ્રયોગો અને દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહોનો ઇતિહાસ માંથી ) . પ્રકાશક : લોક મિલાપ ટ્રસ્ટ , ૨૦૦૯

9. Gandhi , M , K. , " Hind5waraj or Indian Home Rule " , navajivan Publishing House , Ahemadabad , First Edition – 1938 –

10. Gandhi , M . „ " THE STORY OF MY LIFE " , Navajivan Publshing House , Ahmadabad , First Edition - July 1955

11. Ral , Ajay Shankar , " Gandhian Satyagraha : An Analytical And critical Approach " , Concept Publishing Company , First Edition – 2000

12. M.K.Gandhi's two books An Autobiography and satyagraha in South Africa - THE GANDHI STORY In his own words " , Published by Gopal Meghani - LOKMILAP TRUST , March - 2009 ( 2 ) Bok Lek : http : / wwh = mhiri } the Gulstery - his - rw - sania pdf |

13. Mohinder Singh , " The story of Salt " , ( Article ) Gandhi Marg , October - December 2002 , Vol . 24 , No. 3

14. Maya Chadda" satyagraha : Gandhi's Approach To Peacemaking ' , ( Article ) _Darshan , bew York , Oct 1987

15. "Dandl ... A Turning Point of Freedom Struggle " ( Article ) The Times of India , dated March 14,2005 , page 12

16. "salt Satyagrahm and Dand ) March " ( Article ) ' Dandi March and salt Satyagraha ' Published by : National Gandhi Museum , Rajghat , New Delhi

17. Chaudhuri , Ranjit , " Gandhi's Champaran Mission : Its Context and Implications " ( Article ) Gandhi Marg , Volume

18. Number 1 , Aprll - June 1996 . in Tripathy , Ansuman , " Mohan to Mahatma , journey through Champaran " Web Site Article - fittes } // www.kathi.org/urties/mohan-fg-mahatma-order-thrigh-rampton.html

19. https://pdffile.co.in

20. Wikipidiya

21. 6(1)14: ખાનગી આંતરરાષ્ટ્રીય કાયદો(વિધિસંઘર્ષ), કિરીટકુમાર જે.પટેલ